સત્યમેવ જયતે

ડો. એન. બી. ધોળકીયા
અધિક નિયામક (તબીબી સેવાઓ)

નં. "મા" યોજના/ નવી બાબતની માર્ગદર્શિકા બાબત/ ૨૦૧૮.

કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (પ.ક.), બ્લોક નં.૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

તા-૦૪-૦૪-૨૦૧૮

<u>વિષય:</u> - મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત વધારેલ વ્યાપને અમલી કરવાની માર્ગદર્શન સૂચિકા બાબત.

<u>સંદર્ભ:</u> -

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૮/૦૪/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧. સચિવાલય, ગાંધીનગરના ઠરાવ અન્વયે.

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૮/૧૦/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧. સચિવાલય, ગાંધીનગરના ઠરાવ અન્વયે.

(૩) નાણાં વિભાગના તા. ૨૨/૧૨/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:- ખરચ/ ૧૦૨૦૧૬/૧૨૩૪/ઝ.૧. ના ઠરાવ અન્વયે.

(૪) માહિતી અને પ્રસારણ વિભાગના તા.૩૧/૦૭/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:- જનલ/ ૧૦૨૦૧૭/ ૨૪૩/ બ. ના ઠરાવ અન્વયે.

(૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૦૪/૧૦/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ-૧૦૨૦૧૭/૮૭૨/બ.૧. સચિવાલય, ગાંધીનગરના ઠરાવ અન્વયે.

(૬) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૭/૦૩/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ ૧૦૨૦૧૨/૪૭૧/બ.૧ સચિવાલય, ગાંધીનગરના ઠરાવ અન્વયે.

<u>પરિપત્ર :-</u>

ઉક્ત દર્શાવેલ સંદર્ભોથી મુખ્યમંત્રી અમૃતમ "મા" અને "મા વાત્સલ્ય" યોજના અમલી કરેલ છે.

યોજના હેઠળ તા. ૦૧/૦૪/૨૦૧૮ થી યોજનાનો વ્યાપ વધારી લાભાર્થીઓનો સમાવેશ, લાભની મર્યાદામાં વધારો, નવી પ્રોસિજરોનો ઉમેરો કરવાનું નક્કી થયેલ છે. જેનું અમલીકરણ સંદર્ભ પત્ર (૬) અન્વયે, ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ/ ૧૦૨૦૧૨/ ૪૭૧/ બ.૧ સચિવાલય, ગાંધીનગરના તા.૨૭/૦૩/૨૦૧૮ મુજબ માટે નીચે મુજબની માર્ગદર્શક સુચનાઓને અનુસરવાનું રહેશે.

1. "મા વાત્સલ્ય" યોજના હેઠળ રૂ. ૩.૦૦ લાખ કે તેથી ઓછી પારિવારિક વાર્ષિક આવક ધરાવતા પરિવારો (કુટુંબના મહત્તમ પાંચ વ્યક્તિ) ને યોજનાના તમામ લાભ મળવાપાત્ર રહેશે. વધુમાં "મા વાત્સલ્ય" યોજના હેઠળ વાર્ષિક રૂ. ૬ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા કુટુંબોના સિનિયર સીટીઝનોનો સમાવેશ કરવાનું નક્કી થયેલ છે. તે અન્વયે, સિનિયર સિટિઝનો એટલે કે, ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતા વ્યક્તિઓને (ગુજરાતના રહેવાસી) નીચે મુજબના ઉંમરના કોઇ એક પ્રમાણપત્રને આધારે લાભ મળવાપાત્ર રહેશે.

    I. જન્મનું પ્રમાણપત્ર
    II. સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ
    III. પાન કાર્ડ
    IV. પાસપોર્ટ
    V. આધાર કાર્ડ
    VI. ડ્રાઇવીંગ લાયસન્સ
    VII. સિવિલ સર્જનનો દાખલો
    VIII. મામલતદારનો સિનિયર સિટિઝનનો દાખલો

વધુમાં, યોજના હેઠળના મૂળભુત ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

2. "મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળ નિયત કરેલ પ્રોસિજરો ઉપરાંત કિડની ટ્રાન્સપ્લાન્ટેશન, લીવર ટ્રાન્સપ્લાન્ટેશન અને કિડની + પેન્ક્રીયાઝ ટ્રાન્સપ્લાન્ટેશનની સારવારની પ્રોસિજરનો ઉમેરો કરવામાં આવેલ છે. નવી ઉમેરાયેલી ટ્રાન્સપ્લાન્ટેશનની પ્રોસિજરો માટે લાભની મર્યાદા પ્રતિ વર્ષ, પ્રતિ કુટુંબ રૂ. ૫,૦૦,૦૦૦/- નક્કી કરવામાં આવેલ છે. જેની અમલવારી "મા" અને "મા વાત્સલ્ય" યોજનાના તમામ લાભાર્થીઓ માટે કરવાની રહેશે. નિયત કરેલ પેકેજ રેટની મર્યાદા મહત્તમ ગણવાપાત્ર રહેશે. નિયત કરેલ પ્રોસિજરો બિડાણ પત્રક- ૧ રૂપે આ સાથે સામેલ રાખેલ છે.

3. "મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળ નિયત કરેલ પ્રોસિજરો ઉપરાંત ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટની સારવારની પ્રોસિજરનો ઉમેરો કરવામાં આવેલ છે. યોજના અંતર્ગત લાભાર્થીને પ્રતિ ઘૂંટણ / થાપા માટે રૂ. ૪૦,૦૦૦/- ની કેશલેસ સારવાર સહાય મળવાપાત્ર રહેશે અને વધારાનો ખર્ચ લાભાર્થીએ ભોગવવાનો રહેશે. તેમજ બીજા ઘૂંટણ / થાપાના રિપ્લેસમેન્ટ માટે મુખ્ય જિલ્લા તબીબી અધિકારી / તબીબી અધિક્ષકની મંજુરી મેળવ્યા બાદ લાભ મળવાપાત્ર રહેશે. નિયત કરેલ પેકેજ રેટની મર્યાદા મહત્તમ ગણવાપાત્ર રહેશે. નિયત કરેલ પ્રોસિજરો બિડાણ પત્રક- ૨ રૂપે આ સાથે સામેલ રાખેલ છે.

4. "મા" અને "મા વાત્સલ્ય" યોજનામાં આપવામાં આવતા લાભની મર્યાદા રૂ. ૨,૦૦,૦૦૦/- થી વધારી રૂ. ૩,૦૦,૦૦૦/- કરવામાં આવેલ છે. જેથી હવેથી "મા" અને "મા વાત્સલ્ય" યોજનાના તમામ લાભાર્થીઓને યોજના હેઠળ નિયત કરેલ હોસ્પિટલોમાં નિયત કરેલ ગંભીર બિમારીઓ અને પ્રોસિજરો માટે વાર્ષિક રૂ. ૩,૦૦,૦૦૦/- સુધીની કેશલેસ સારવાર આપવામાં આવશે.

આમ, ઉક્ત દર્શાવેલ સૂચનાઓ અનુસાર "મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓ જોડાયેલ હોસ્પિટલોમાં જઇને નિયત પ્રોસિજરો માટે કેશલેસ સારવારનો લાભ મેળવી શકશે. જે ધ્યાને લેવા વિનંતી.

બિડાણઃ-

1. ટ્રાન્સપ્લાન્ટેશની નિયત કરેલ પ્રોસિજરો.
2. ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટની પ્રોસિજરો.

નોંધ: - કમિશ્નરશ્રી (આરોગ્ય) ની તા. ૦૪/૦૪/૨૦૧૮ ના રોજ મળેલ મંજુરી અન્વયે.

M. B. [signature]

અધિક નિયામક (ત.સે.)
આરોગ્ય તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ (આ.વિ)
ગાંધીનગર.

પ્રતિ,

- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી – તમામ – જાણ તથા અમલવારી સારૂ...
- મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી – તમામ – જાણ તથા અમલવારી સારૂ...
- મ્યુનિસિપલ હેલ્થ ઓફિસરશ્રી – તમામ – જાણ તથા અમલવારી સારૂ...

નકલ સવિનય રવાનાઃ-

- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી – તમામ.
- કલેકટરશ્રી- તમામ.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી – તમામ.
- વિભાગીય નાયબ નિયામકશ્રી, - તમામ.

નકલ રવાનાઃ-

- અધિક નિયામકશ્રી, જા.આ., પ.ક., ત.શિ.
- પ્રોજેક્ટ હેડ, એમ. ડી. ઇન્ડીયા હેલ્થકેર નેટવર્ક્સ, ઇન્ફોસીટી, ગાંધીનગર.
- મેનેજર, એન. કોડ. સોલ્યુશન્સ, એ. ડિવિઝન ઓફ જી.એન.એફ.સી., ગીફ્ટ સીટી, ગાંધીનગર.
- તમામ નેટવર્ક હોસ્પિટલો.